1933-07-27 -Rudayodgar Patrika No 5 (836)

॥ओ३म्॥ પત્રિકા નંબર ૫ મો.

હ્રદયોદ્‌ગાર.

શ્રી કચ્છ કડવા પાટીદારોના આગેવાન પટેલોની સ્વાર્થી મનોદશા યાને દુરાગ્રહનો ઢોલ ઢંઢેરો.

ઓ સ્વાર્થાંધ પુજ્ય પટેલો અને મુખીઓને નામે ઓળખાવનાર અને તેનું પુંછ પકડનાર જ્ઞાતિ બંધુઓ! મર્યાદા પુરૂષોત્તમ રામચંદ્રના વંશજોના કડવા પાટીદારોનો અને ઉચ્ચ જાતિના હિન્દુઓના સંતાનોનો દાવો કરવાનું ભૂલી જઈ, સનાતન આર્ય ધર્મની છાયાને બદલે મુમના, ખાનાઇ અને પીરાણા પંથીના નામે ફસાઇ પડેલું આપણું નાવ ઈશ્વર કૃપા અને પૂર્વજોના પુણ્ય પ્રતાપે તરી પાર ઉતરવા આવેલું છે.

પચીસેક વરસોની સુધારકો તેમજ ઉધ્ધારકોની મહા મહેનતે અજ્ઞાનતાના ઉતરેલાં પડળો શું હજીપણ તમારી આંખે ચોટેલાં રહે છે? કે લાંબા વખતનો સ્વાર્થ અને દુરાગ્રહની હદમાંથી છુટી શકતા નથી?

દુનિયા આટલા પ્રયાસે પણ નહિ જાગવા શું કહે છે અને કેવા ગણે છે તે તમે જાણો છો? જરા તમારા આત્માને જે પરબ્રહ્મ સ્વરૂપ છે તેને પૂછી તો જુઓ? અરે! તમારો આત્મા પણ તમને રાત દિવસ ડંખતો હશે એની પણ તમને શું પરવા નથી કે?

પીરાણાની સ્વાર્થી અને બનાવટી પ્રપંચ જાળમાંથી નીકળવાના અને ધર્માદાની હજારો કોરીઓ પરધર્મીઓને નહિ ખવરાવવાના તેમજ બાપદાદાના ધર્મથી જુદા પાડનાર રીતરિવાજો ત્યજી સનાતન હિન્દુ મહાસાગર સાથે જોડાઇ જવાના હજારો યુવકો અને સમજદાર વડિલોના માર્ગમાં હજીપણ તમે આડખીલી રાખો છો તે ક્યાંસુધી ચાલશે?

જ્ઞાતિની અવદશાના સાધનરૂપ તમને હજીપણ જ્ઞાતિનો કેટલોક અજ્ઞાત સમુહ તમારા પાછળ બંધાઇ રહેલો છે તેને સુમાર્ગે દોરવાને બદલે ઉંધે માર્ગે દોરી રહ્યા છો જે આ વીસમી સદીના જાગતા જમાનામાં નવાઇ રૂપ છે.

બનાવટી કલ્પિત કલ્માઓ પડતા મુખીઓ પાસે ધર્મક્રિયા કરાવવા તેમજ કાકા સૈયદ અને અધર્મ રિવાજ યુક્ત આગેવાનોની બીજી પ્રપંચજાળમાંથી છુટી બ્રાહ્મણો હસ્તક શાસ્ત્રોક વિધી અનુસાર ધર્મક્રિયાઓ કરાવવા તૈયાર થયેલાં કુટુંબોને દબાણ કરવા અને અડચણો ઉભી કરવા તમો દુરાગ્રહી સ્વાર્થી આગેવાનો કચ્છી શંવત ૧૯૮૯ના માસ શ્રાવણમાં નેત્રાગામે ભેગા થઇ આપણી કડવા પાટીદારની ઉચ્ચ જ્ઞાતિને અણછાજતા અને હિન્દુ જનસમાજમાં નીચું જોવડાવનાર અધર્મ ઠરાવો તમે વગર વિચાર્યે ઘડયા જે અમારી હૃદયોદ્‌ગાર પત્રિકા નંબર ચોથામાં આપેલ છે.

તમોને ખબર હશે જે તમો રામજી કાકાને ગાદીએ બેસાડવા પીરાણે ગયા ત્યારે પીરાણાના અંદરની પોલ તેમજ અવ્યવસ્થા જોઇ તમે અમદાવાદ ભેગા થઇને જે કાકા પ્રાગજી અને સૈયદ વલીમીયાં હસ્તક ઘડાયેલા એ અધર્મ યુકત ઠરાવોને રદ કરી આપણી જ્ઞાતિને શોભતા હિન્દુ રીતરિવાજ મુજબ વર્તવા અને વૈદિક સનાતન ધર્મ પાળવા છુટ આપી હતી. જે કીર્તિધ્વજ નામની ચોપડીમાં છપાવી બહાર પાડેલ છે.

ઉપરોકત નેત્રાગામે આ થયેલ નાદીરશાહી ઠરાવની ખબરો વચલા પાચાડાના ગામડાઓમાં પડતા એકદમ બધા યુવાનો ખળભળી ઉઠયા અને અમદાવાદમાં થયેલ ઠરાવની સ્મૃતી પોતાના ગામના આગેવાનોને કરાવી અને એક વખત અધમ ગણી રદ કરેલા ઠરાવોને પાછા સ્થાન આપવાને માટે અને પોતાની કરેલ સહીઓની કિંમત ન સમજવાને માટે પોતાના ગામના આગેવાનોના અપમાન કરી ને અધમ ઠરાવો પ્રત્યે તીરસ્કાર દર્શાવી ઠોકરે ઉડાવી દીધા. અને તેનો પ્રત્યક્ષ દાખલો આ ચાલુ સાલમાં થઇ ગયેલ વિવાહમાં દેખાડી આપેલ છે.

ચાલુ સાલના ગયા માસ માહામાં વચલા પાચાડામા હિન્દુ રિવાજ પ્રમાણે ચોરીઓ બાંધી બ્રાહ્મણો પાસે શાસ્ત્રોક વિધી અનુસાર પોતાના છોકરાંઓના લગ્ન કરાવી હિન્દુ જનસમાજમાં પોતાની જ્ઞાતિનું ગૌરવ વધાર્યું. આ ચોરીનું પ્રમાણ લગભગ અડધા ભાગથી

॥ओ३म्॥ પત્રિકા નંબર ૫ મો.

હૃદયોદ્‌ગાર.

શ્રી કચ્છ કડવા પાટીદારોના આગેવાન પટેલોની સ્વાર્થી મનોદશા યાને દુરાગ્રહનો ઢોલ ઢંઢેરો.

ઓ સ્વાર્થાંધ પુજ્ય પટેલો અને મુખીઓને નામે ઓળખાવનાર અને તેનું પુંછ પકડનાર જ્ઞાતિ બંધુઓ! મર્યાદા પુરૂષોત્તમ રામચંદ્રના વંશજોના કડવા પાટીદારોનો અને ઉચ્ચ જાતિના હિન્દુઓના સંતાનોનો દાવો કરવાનું ભૂલી જઈ, સનાતન આર્ય ધર્મની છાયાને બદલે મુમના, ખાનાઇ અને પીરાણા પંથીના નામે ફસાઇ પડેલું આપણું નાવ ઈશ્વર કૃપા અને પૂર્વજોના પુણ્ય પ્રતાપે તરી પાર ઉતરવા આવેલું છે.

પચીસેક વરસોની સુધારકો તેમજ ઉધ્ધારકોની મહા મહેનતે અજ્ઞાનતાના ઉતરેલાં પડળો શું હજીપણ તમારી આંખે ચોટેલાં રહે છે? કે લાંબા વખતનો સ્વાર્થ અને દુરાગ્રહની હદમાંથી છુટી શકતા નથી?

દુનિયા આટલા પ્રયાસે પણ નહિ જાગવા શું કહે છે અને કેવા ગણે છે તે તમે જાણો છો? જરા તમારા આત્માને જે પરબ્રહ્મ સ્વરૂપ છે તેને પૂછી તો જુઓ? અરે! તમારો આત્મા પણ તમને રાત દિવસ ડંખતો હશે એની પણ તમને શું પરવા નથી કે?

પીરાણાની સ્વાર્થી અને બનાવટી પ્રપંચ જાળમાંથી નીકળવાના અને ધર્માદાની હજારો કોરીઓ પરધર્મીઓને નહિ ખવરાવવાના તેમજ બાપદાદાના ધર્મથી જુદા પાડનાર રીતરિવાજો ત્યજી સનાતન હિન્દુ મહાસાગર સાથે જોડાઇ જવાના હજારો યુવકો અને સમજદાર વડિલોના માર્ગમાં હજીપણ તમે આડખીલી રાખો છો તે ક્યાંસુધી ચાલશે?

જ્ઞાતિની અવદશાના સાધનરૂપ તમને હજીપણ જ્ઞાતિનો કેટલોક અજ્ઞાત સમુહ તમારા પાછળ બંધાઇ રહેલો છે તેને સુમાર્ગે દોરવાને બદલે ઉંધે માર્ગે દોરી રહ્યા છો જે આ વીસમી સદીના જાગતા જમાનામાં નવાઇ રૂપ છે.

બનાવટી કલ્પિત કલ્માઓ પડતા મુખીઓ પાસે ધર્મક્રિયા કરાવવા તેમજ કાકા સૈયદ અને અધર્મ રિવાજ યુક્ત આગેવાનોની બીજી પ્રપંચજાળમાંથી છુટી બ્રાહ્મણો હસ્તક શાસ્ત્રોક વિધી અનુસાર ધર્મક્રિયાઓ કરાવવા તૈયાર થયેલાં કુટુંબોને દબાણ કરવા અને અડચણો ઉભી કરવા તમો દુરાગ્રહી સ્વાર્થી આગેવાનો કચ્છી શંવત ૧૯૮૯ના માસ શ્રાવણમાં નેત્રાગામે ભેગા થઇ આપણી કડવા પાટીદારની ઉચ્ચ જ્ઞાતિને અણછાજતા અને હિન્દુ જનસમાજમાં નીચું જોવડાવનાર અધર્મ ઠરાવો તમે વગર વિચાર્યે ઘડયા જે અમારી હૃદયોદ્‌ગાર પત્રિકા નંબર ચોથામાં આપેલ છે.

VSA: Between 03-Aug-1932 and 31-Aug-1932

તમોને ખબર હશે જે તમો રામજી કાકાને ગાદીએ બેસાડવા પીરાણે ગયા ત્યારે પીરાણાના અંદરની પોલ તેમજ અવ્યવસ્થા જોઇ તમે અમદાવાદ ભેગા થઇને જે કાકા પ્રાગજી અને સૈયદ વલીમીયાં હસ્તક ઘડાયલા એ અધર્મયુકત ઠરાવોને રદ કરી આપણી જ્ઞાતિને શોભતા હિન્દુ રીતરિવાજ મુજબ વર્તવા અને વૈદિક સનાતન ધર્મ પાળવા છુટ આપી હતી. જે કીર્તિધ્વજ નામની ચોપડીમાં છપાવી બહાર પાડેલ છે.

ઉપરોક્ત નેત્રાગામે આ થયેલ નાદીરશાહી ઠરાવની ખબરો વચલા પાચાડાના ગામડાઓમાં પડતા એકદમ બધા યુવાનો ખળભળી ઉઠયા અને અમદાવાદમાં થયેલ ઠરાવની સ્મૃતી પોતાના ગામના આગેવાનોને કરાવી અને એક વખત અધમ ગણી રદ કરેલા ઠરાવોને પાછા સ્થાન આપવાને માટે અને પોતાની કરેલ સહીઓની કિંમત ન સમજવાને માટે પોતાના ગામના આજેવાનોના અપમાન કરી ને અધમ ઠરાવો પ્રત્યે તીરસ્કાર દર્શાવી ઠોકરે ઉડાવી દીધા. અને તેનો પ્રત્યક્ષ દાખલો આ ચાલુ સાલમાં થઇ ગયેલ વિવાહમાં દેખાડી આપેલ છે.

ચાલુ સાલના ગયા માસ માહામાં વચલા પાચાડામા હિન્દુ રિવાજ પ્રમાણે ચોરીઓ બાંધી બ્રાહ્મણો પાસે શાસ્ત્રોક વિધી અનુસાર પોતાના છોકરાંઓના લગ્ન કરાવી હિન્દુ જનસમાજમાં પોતાની જ્ઞાતિનું ગૌરવ વધાર્યું. આ ચોરીનું પ્રમાણ લગભગ અડધા ભાગથી

પણ વધારે હતુ. આ ઉપરાંત મરણ પછી દફનાવવાને બદલે અગ્નિ સંસ્કાર કરવા તેમજ બીજા રિવાજો પણ દાખલ કરી દીધા છે જે માટે તેમને ધન્યવાદ ઘટે છે.

આ ગૌરવશાહી પગલાંને અનુસરી દખણાદા પાચાડાના લગભગ દરેક ગામોમાં કેટલાક હિંમતવાન અને સાહસિક ભાઇઓએ પણ એ ઠરાવની પરવા કર્યા વગર પોતાના છોકરાઓના હિન્દુ રિવાજ મુજબ ચોરીઓ બાંધી બ્રાહ્મણો પાસે શાસ્ત્રોક વિધી અનુસાર લગ્ન કરાવ્યાં. અને એ પાચાડામાં પણ આગેવાનોની આપખુદી સત્તા તોડી પાડી જ્ઞાતિના ગૌરવને દીપાવ્યું છે.

આ વીર યુવાનોએ ધર્મની તેમજ જ્ઞાતિના ગૌરવની ખાતર જે અધમ આગેવાનોની જુલમી સત્તાથી ન ડરતાં જે સાહસિક અને પ્રસંસનીય પગલું ભર્યું છે તે માટે તેમને ધન્યવાદ ઘટે છે.

આ યુવાનોના સાહસિક પગલાંએ દખણાદા પાચાડાના આગેવાનોમાં ખળભળાટ પેદા કરી દીધો અને પોતાના કરેલ ઠરાવનું અપમાન કરનાર અને પોતાની સત્તાને ન માનનાર યુવાનોને પોતાની આપખુદી સત્તા નીચે લાવવાને તેઓ ગામ શ્રી મગવાણે ગયા માસ અષાડ શુદ ૯ ને રોજ ભેગા થયા હતા અને ચોરી કરનાર પ્રત્યેક ભાઇઓ પાસેથી કોરી ૩૦) ત્રીસ દંડ લેવાનો ઠરાવ ઘડયો. અને દંડ ન આપે તેને નાત બહાર મુકવો આવો આ બીજો નાદીરશાહી ઠરાવ બહાર પાડયો

વિસમી સદીના જાગ્રત યુવાનો ઉપર આવો નાદીરશાહી હુકમનો અમલ કરાવવો એ રૂકના ચણા ચાવવા બરાબર છે.

આ તેઓના નાદીરશાહી હુકમને ન માનવા તેમજ દંડ ન આપવા ગામ શ્રી મઉ મધે ગામ શ્રી ગઢશીસા લોડવા, દુર્ગાપુર, વેરશલપુર, દરસડી, માનકુવા ડજાપુર. તેમજ મઉ આદિના ઉત્સાહી યુવાનો કચ્છી શા. ૧૯૯૦ ના અષાડ વીદ ૬ના રોજ ભેગા થઇ એ અધમ આગેવાનોથી છુટક છવાયા જ્ઞાતિ બંધુઓ ભોગ ન થાય માટે ઐકયતા સાધવા એક મંડળની સ્થાપના કરી અને તે મંડળનું કાર્ય ચલાવવા માટે સાત જણાને અગ્રેસરો તરીકે નીંમ્યા છે. તેમનાં નામ– (૧) ભાઇશ્રી વીરજી ખીમજી ગામ શ્રી મઉવાળા. (૨) ભાઇશ્રી જીવરાજ વસ્તા ગામશ્રી માનકુવાવાળા. (૩) ભાઇશ્રી ગંગદાસ વિશ્રામ ગામશ્રી ગઢશીસાવાળા. (૪) ભાઇશ્રી રાજા વિશ્રામ વેરશલપુરવાળા. (૫) ભાઇશ્રી ભાણજી માવજી ગામશ્રી દુર્ગાપુરવાળા (૬) ભાઇશ્રી રવજી લાલજી ગામશ્રી લોડવા વાળા (૭) ભાઇશ્રી રતનસી સામજી ગામશ્રી માનકુવા વાળા.

કોઇપણ જ્ઞાતિ બંધુને શુધ્ધ સનાતન ધર્મના પંથે વિચરતાં કોઇપણ પ્રકારની, કોઇપણ આગેવાન પટેલ તરફથી ખોટી દબાણ થતી હોય તેને ઉપર નામ લખ્યા મુજબ મંડળના સાત આગેવાનોમાંથી કોઇપણને ખબર આપવા જેથી તેમને જોઇતી સગવડો પુરી પાડી આગેવાનોની સતાવણીમાંથી બચાવવા પ્રયત્ન કરશે. આવા બીજા પણ કેટલાએક પ્રસંસનીય ઠરાવો ઘડેલા છે.

આવા ઉત્સાહી સુધારકો બની જ્ઞાતિના ગૌરવને ઉજ્વળ કરવા ધર્મની ખાતર અધમ આગેવાનોના ભોગ બનતા અણસમજુ જ્ઞાતિ બંધુને બચાવી રાહત આપવા અને ખરા ધર્મનું રહસ્ય સમજાવવા જે પસંસનીય પગલું ભર્યું છે તે માટે તેમને ધન્યવાદ ઘટે છે.

અમો ઇશ્વર પ્રત્યે પ્રાર્થના કરીએ છીએ કે હે જગદાધાર અમારી સનાતન ગૌરવશાળી જ્ઞાતિના નર–નારીઓમાં તું સુમતિની પ્રેરણા કરી તેને બાપદાદાના અસલી સત્ય મારગે ચડાવ.

પત્ર વ્યવહારનું સરનામું :–
હરચંદરાય પ્લોટ નંબર ૧૩.
લોરેન્સ રોડ,–કરાચી.
તારીખ ૨૭–૭–૧૯૩૩.

એજ ઇચ્છતો,
નથુરામ કાનજી પટેલ.
સેક્રેટરી.
શ્રી કચ્છ કડવા પાટીદાર યુવક સંઘ,
કરાચી.

દુર્ગા પ્રીન્ટીંગ પ્રેસ, કરાચી.

શા. = કચ્છી શાલ / વર્ષ

VSA: 23-Jul-1932

VSA: 12-Jul-1932

ચોરી વિધિથી લગ્ન કરનારને દંડ અને જ્ઞાત બહાર મૂકવાનો નિયમ